# સ્પેનમાં વિનાશક પૂરઃ અનેક શહેરો પાણીથી તરબોળ, 72નાં મોત

**દક્ષિણ** અને પૂર્વી સ્પેનના માલાગાથી વેલેન્સિયા સુધીના વિશાળ વિસ્તારમાં પૂરની સ્થિતિ

**સ્પેનના** હવામાન ખાતાએ આ વરસાદને અસાધારણ ગણાવ્યો



**બાર્સેલોના, તા. 30 (એપી):** સ્પેનના પૂર્વીય પ્રદેશ વેલેન્સિયામાં ભારે પૂર આવ્યું હતું જેમાં ઓછામાં ઓછા 72 લોકો મૃત્યુ પામ્યા હતાં જ્યારે કારો તણાઈ ગઈ હતી, ગામના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા અને રેલ લાઈનો અને રાજમાર્ગો હાઈવે ખોરવાઈ ગયા હતા. આ યુરોપિયન દેશમાં તાજેતરમાં આવેલી સૌથી ખરાબ કુદરતી આફત છે.

મંગળવારે ભારે તોફાન સાથે વરસાદ શરૂ થયો હતો જે બુધવારે પણ ચાલુ રહ્યો હતો જેના કારણે દક્ષિણ અને પૂર્વી સ્પેનના માલાગાથી વેલેન્સિયા સુધીના વિશાળ વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. કાદવવાળા પાણી માર્ગો પર આવી જતા વાહનો લપસી ગયા હતા. વિનાશક પૂરથી રસ્તાઓ પર વાહનો તણાવા લાગ્યા હતા. લોકોના ઘરની ચીજવસ્તુઓ તણાઈ ગઈ હતી. પોલીસ અને બચાવ સેવાઓએ લોકોને તેમના ઘરો અને કારમાંથી બહાર કાઢવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો.

સ્પેનના વડા પ્રધઆન પેડ્રો સાંચેઝે કહ્યું હતું કે કેટલાંક શહેરોમાં પૂર આવ્યા છે અને ચેતવણી આપી હતી કે જોખમ હજુ સમાપ્ત થયું નથી.

સત્તાવાળાઓએ મંગળવારની મોડી રાત્રે ઘણા ગુમ થયેલા લોકોની જાણ કરી હતી, પરંતુ પછીની સવારે ડઝનબંધ મૃત લોકો મળી આવ્યા હોવાની આઘાતજનક જાહેરાત કરવામાં આવી હતી.

સ્પેનના ઈમરજન્સી વિભાગના એકમોના 1,000થી વધુ જવાનોને વિનાશગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

સ્પેનના હવામાન ખાતાએ આ વરસાદને અસાધારણ ગણાવ્યો હતો. સ્પેનમાં તાજેતરના વર્ષોમાં શિયાળામાં આ જ પ્રકારના તોફાનો આવ્યા હતા, પરંતુ છેલ્લા બે દિવસમાં થયેલા વિનાશની સરખામણીમાં કંઈ નથી.

હજુ પણ કેટલાંક લોકો ગુમ છે જેમને શોધવા બચાવકર્તાઓ કામે લાગ્યા છે.

દરમિયાન સ્પેનની સરકારે પૂરમાં માર્યા ગયેલા લોકો માટે 3 દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી હતી જે ગુરુવારથી શરૂ થશે.

વેલેન્સિયાના એક શહેર યુટીએલના મેયર રિકાર્ડો ગેબાલ્ડોને રાષ્ટ્રીય પ્રસારણકર્તા આરટીવીઈને કહ્યું હતું કે, ગઈકાલે મારા જીવનનો સૌથી ખરાબ દિવસ હતો. તેમણે કહ્યું હતું કે, તેમના શહેરમાં હજી પણ ઘણા લોકો ગુમ છે.

રિકાર્ડો ગેબાલ્ડોએ કહ્યું હતું કે, "અમે ઉંદરોની જેમ ફસાઈ ગયા હતા. કાર અને કચરાપેટીઓ શેરીઓમાં વહી રહી હતી. પાણી ત્રણ મીટર સુધી વધી રહ્યું હતું."

# ઈલોન મસ્કે તેના 11 બાળકો અને તેમની માતાઓ માટે રૂ. 290 કરોડનું વિશાળ કમ્પાઉન્ડ ખરીદ્યું

**તેની** તમામ ભૂતપૂર્વ પત્નીઓ અને બાળકો ભેગા રહી શકે સાથે જ તે પોતાના નાના બાળકોને સમય આપી શકે તે માટે આ સંકુલ ખરીદ્યું




**વોશિંગ્ટન, તા. 30:** ઈલોન મસ્ક તેના વિવિધ ભૂતપૂર્વ અને અગિયાર બાળકોને સાથે રહેવા માટે ટેક્સાસના એક વિશાળ કમ્પાઉન્ડને 35 મિલિયન ડોલરમાં (રૂ. 295 કરોડ) ખરીદ્યું છે, એમ આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું.

અબજોપતિએ તેના વિસ્તરતા પરિવારને ધ્યાનમાં રાખીને મલ્ટિ-મેન્શન ઓસ્ટિન એસ્ટેટ ખરીદ્યું હતું, તેને એવી આશા છે કે તેના સૌથી નાના બાળકો એકબીજાની સાથે મોટા થશે.

ચાર આંતરિક સૂત્રોએ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું હતું કે મસ્કે 14,400 ચોરસ ફૂટની વિશાળ હવેલી ખરીદી હતી જેથી તેનો પરિવાર ભેગી મિલકતમાં રહી શકે, જેથી તે તેના સૌથી નાના બાળકોને સમય આપી શકે.

અને જ્યારે તે સ્પષ્ટ નથી કે મસ્કની તમામ ભૂતપૂર્વ પત્નીઓ આ યોજનાને સમર્થન આપે છે કે કેમ, મસ્કના બ્રેઈન ટેક સ્ટાર્ટ-અપ ન્યુરાલિંકના એક્ઝિક્યુટિવ, શિવોન ઝિલિસ પહેલાંથી જ પોતાના બાળકો સાથે ઓસ્ટિન કમ્પાઉન્ડ પરની હવેલીઓમાંના એકમાં જતા રહ્યા હોવાનો અહેવાલ છે.










## ઈ-ટેન્ડર ટૂંકી જાહેર નિવિદા નં. ૨
## વર્ષ: ૨૦૨૪-૨૫

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ PMKSY WDC 2.0 નવસારી અંતગર્ત PMKSY WDC 2.0-01 ગણદેવા પ્રોજેક્ટની જળસ્ત્રાવ વિકાસ સમિતિઓમાં વર્કફેશ હેઠળ કામો છે. આ ટેન્ડરો તા. ૦૪-૧૧-૨૦૨૪ થી તા. ૦૯/૧૧/૨૦૨૪ સુધી જોવા મળશે. જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી "ઈ - ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. જે ટેન્ડરો www.nprocure.com વેબસાઈટ પર જોઈ શકાશે.

પ્રોજેક્ટ ડાયરેક્ટર
જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ,
માહિતી/નવસારી/૩૨૬/૨૦૨૪ નવસારી

## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in
ઇ– ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમા નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૬૮૮/૨૪-૨૫ | પા.પુ.(ઇલે.મિકે.) | ૦૧ | ૫૨,૭૨,૮૩૦/- |
| ૨ | ૬૯૦/૨૪-૨૫ | સેન્ટ્રલ સ્ટોર | ૦૨ | ૪૬,૦૦,૦૦૦/- |
| ૩ | ૬૯૧/૨૪-૨૫ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૧ | ૩૫,૩૫,૨૫,૩૭૫/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૬૯૩/૨૪-૨૫ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

